RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 90, Dt.25-06-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# રાજકોટ સજ્જડ બંધ

## અગ્નિકાંડ સામે ભારેલો આક્રોશ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના નાના મવા રોડ પર ટીઆરપી ગેમઝોનમાં આજથી બરાબર એક મહિના પહેલા તા. ૨૫ મેના રોજ લાગેલી આગમાં ૨૭ નિર્દોષ લોકોના જીવતા સળગી જવાથી મૃત્યુ થયાની ઘટના અંગે સીટ, ખાસ તપાસ સમિતિ સહિતની એજન્સીઓ તપાસ કરી રહી છે ત્યારે આજે આ ૨૭ પરિવારના દુઃખમાં ભાગીદાર બનવા કોંગ્રેસે આપેલા અર્ધો દિવસ બંધના એલાનને રાજકોટમાં સ્વયંભુ અને સજજડ પ્રતિસાદ મળ્યો છે. આજે સવારથી ચા-પાનની દુકાનો, બજારો, શૈક્ષણિક સંસ્થાઓ બંધમાં જોડાયા હતા અને ન્યાય માંગતા પરિવારજનો સાથે પોતાની લાગણી હોવાની પ્રતિતિ કરાવી હતી.

ગેમઝોનના અગ્નિકાંડમાં આજ સુધીમાં અધિકારીઓની બદલી, ધરપકડ, સસ્પેન્શન, પુછપરછ, સેંકડો નિવેદન સહિતની કાર્યવાહી થઇ છે. હાઇકોર્ટ દર સુનાવણી વખતે સરકારની ઝાટકણી કાઢે છે. આથી આ બનાવમાં હજુ ઉચ્ચ અધિકારીઓ અને જો કોઇ ચૂંટાયેલા લોકોની ભૂમિકા હોય તો તેમની સામે પણ કાર્યવાહી કરવાની બુલંદ માંગણી આજે પણ કોંગ્રેસે કરી છે.

આજે સવારે અમુક વિસ્તારમાં ચા-પાન જેવી દુકાનો ખુલી હતી. બજારમાં પણ કેટલીક દુકાનો ખુલતા કોંગ્રેસના આગેવાનોએ વિનંતી કરીને દુકાનો બંધ કરાવી હતી તો મોટા ભાગની સ્કુલ બંધ હોવા છતાં સેલ્ફ ફાયનાન્સ એસો.એ સત્તાવાર રીતે ટેકો આપ્યો ન હોય, અમુક ખુલ્લી શાળા-કોલેજો એનએસયુઆઇએ શાંતિથી બંધ કરાવી હતી. યુવા કોંગ્રેસના આગેવાનો માઇક લઇને વિસ્તારોમાં ફર્યા હતા જયાં વહેલી સવારથી પોલીસનો સજજડ હથિયારધારી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

આજે શહેરના મુખ્ય વેપારી વિસ્તારોમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલ, પરેશ ધાનાણી, જીજ્ઞેશ મેવાણી, ઋત્વિક મકવાણા, શૈલેષ પરમાર, પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજયગુરૂ, શહેર પ્રમુખ અતુલ રાજાણી, પ્રદેશ નેતાઓ મહેશ રાજપૂત, જશવંતસિંહ ભટ્ટી, ગાયત્રીબા વાઘેલા, સુરેશ બથવાર, રણજીત મુંધવા સહિતના આગેવાનો અને કાર્યકરોની ટીમ ફરી વળી હતી. જુના રાજકોટની પરાબજાર, દાણાપીઠ, ગુંદાવાડી સહિતના વેપારી સંગઠનોએ ગઇકાલે જ બંધને સમર્થન જાહેર કર્યુ હતું.

બાર એસો. પણ કોર્ટ કાર્યવાહીથી દુર રહી છે. ચેમ્બર્સ ઓફ કોમર્સે બંધને ટેકો જાહેર કર્યો ન હોવા છતાં બજારો મોટા ભાગે શાંતિપૂર્ણ બંધ રહેતા આ માહોલ માત્ર રાજકીય નહીં પરંતુ રોષ અને દુઃખ સાથેનો પણ દેખાયો હતો.

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનની ગોઝારી દુર્ઘટના બાદ પરિવારજનોને ન્યાય અપાવવા ઉપવાસ આંદોલન બાદ આજે પ્રથમ માસિક પુણ્યતિથિએ કોંગ્રેસે બંધનું એલાન આપ્યું હતું. એસઆઇટી પર કોંગ્રેસે ભરોસો નહીં હોવાની વાત અનેક વખત કરી દીધી છે ત્યારે સીધા જનતાની અદાલતમાં જઇને સરકારના કાન ખોલવા પ્રયાસ કર્યો છે.

આ ગેમઝોનમાં મહેમાન બની ચૂકેલા અધિકારીઓ અને પદાધિકારીઓ સામે પગલા લેવાની આશા લોકોને રહી નથી. પરંતુ કોંગ્રેસ પીડીત પરિવારો માટે ન્યાય ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખવાની છે. પુરાવાઓ નષ્ટ કરવામાં ભાજપના ભ્રષ્ટ નેતાઓ સામેલ હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

## મૃતકોનો આંતરનાદઃ અમોને કયારે ન્યાય?




## મોદી સરકારને ઈન્ડિયા ગઠબંધને આપ્યો બીજો ઝટકોઃ હવે ડે.સ્પીકર માટે પણ ઉમેદવાર મેદાનમાં ઉતારશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભામાં સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર પદ માટે એનડીએ અને વિપક્ષી ગઠબંધન I.N.D.I.A ઘમસાણ ચાલી રહ્યું છે. ઇન્ડીયા એલાયન્સ હવે એનડીએ સાથે આરપારની ટક્કર માટે તૈયાર છે. સ્પીકર પદ માટે ઉમેદવાર ઉતાર્યા બાદ હવે વિપક્ષે ડેપ્યુટી સ્પીકર પદ માટે પણ ઉમેદવાર ઉતારવાનો નિર્ણય લીધો છે.

આ સાથે જ દેશના ઈતિહાસમાં પ્રથમ વખત સ્પીકર પદ માટે ચૂંટણી યોજાશે. એનડીએ તરફથી ઓમ બિરલા અને વિપક્ષી ગઠબંધન તરફથી કે. સુરેશ લોકસભા સ્પીકર પદના ઉમેદવાર હશે. ઓમ બિરલાએ લોકસભા સ્પીકર પદ માટે ભર્યું ઉમેદવારી પત્ર ભરી દીધું છે.



આવતીકાલે ૧૧ વાગે ચૂંટણી યોજાશે.

લોકસભામાં નંબર ગેમની વાત કરવમાં આવે તો ૨૦૧૪ અને ૨૦૧૯ની સરખામણીમાં આ વખતે રસપ્રદ મુકાબલો છે. એનડીએની આગેવાની કરી રહેલી ભાજપને આ વર્ષે બહુમત મળી નથી. જો કે ૨૪૦ બેઠકો સાથે સૌથી મોટો પક્ષ છે. લોકસભામાં એનડીએનું સંખ્યાબળ ૨૯૩ છે. જ્યારે વિપક્ષની વાત કરવામાં આવે તો કોંગ્રેસ ૯૯ બેઠકો જીતી હતી. જો કે રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક છોડી દેતા હવે તેનું સંખ્યાબળ ૯૮ થઈ ગયું છે. આ ઉપરાંત કોંગ્રેસના નેતૃત્વવાળી ઈન્ડિયા ગઠબંધન પાસે ૨૩૩ સાંસદો છે. આ ઉપરાંત સાત અપક્ષ સહિત અન્ય ૧૬ લોકો પણ ચૂંટણી જીતીને સંસદ ભવનમાં પહોંચ્યા છે.

કે સુરેશ ૮ વાર ચૂંટાયા છે. તે ૧૯૮૯, ૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૯, ૨૦૦૯, ૨૦૧૪, ૨૦૧૯, ૨૦૨૪ માં સાંસદ ચૂંટાયા હતા. કે સુરેશ કેરલની માવેલિક્કારા સીટ પરથી કોંગ્રેસ સાંસદ છે. કેન્દ્રીય મંત્રી પણ રહી ચૂક્યા છે. સૌથી અનુભવી સાંસદ હોવા છતાં તેમને પ્રોટેમ સ્પીકર તરીકે ચૂંટવામાં ન આવતા વિરોધ પક્ષે વિરોધ વ્યક્ત કર્યો હતો.

## શેરબજાર ઓલટાઈમ હાઈઃ સેન્સેક્સ ૭૮૦૦૦ની સપાટીની નજીક પહોંચ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય શેરબજારમાં બે દિવસ વોલેટિલિટીમાં શુષ્ક માહોલ રહ્યા બાદ આજે ફરી પાછો આકર્ષક ઉછાળો નોંધાયો છે. બેન્કિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસિઝના શેરોમાં તેજીના સથવારે આજે સેન્સેક્સ, નિફ્ટી સહિત બેન્કેક્સ અને ફાઈનાન્સિયલ સર્વિસિઝનો ઈન્ડેક્સ ઓલટાઈમ હાઈ થયો છે.

બપોરના ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ ૬૧૯.૧૯ પોઈન્ટના ઉછાળા સાથે ૭૭૯૬૦.૨૭ની નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યો હતો. હવે ૭૮૦૦૦નું લેવલ ક્રોસ કરવામાં થોડું જ અંતર રહ્યું છે.



૨.૦૦ વાગ્યે ૬૧૧.૫ પોઈન્ટ ઉછળા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટી પણ ૨૩૬૬૮.૬૫ની સર્વોચ્ચ સપાટી નોંધાવી ૨૩૬૫૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આજે બીએસઈ ખાતે ૨૯૯ શેર્સમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે ૨૯૩ શેર્સ વર્ષની નવી ટોચે પહોંચ્યા હતા. બીએસઈ માર્કેટ કેપ ૪૩૫.૮૨ લાખ કરોડ થયુ હતું.

બેન્ક નિફ્ટી આજે પ્રથમ વખત ૫૨ હજારનું લેવલ ક્રોસ કરી સર્વોચ્ચ ૫૨૫૧૧.૩૦ની ટોચે પહોંચ્યો હતો. નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિઝે પણ ૧.૫૧ ટકા ઉછાળા સાથે નવી રેકોર્ડ ટોચ બનાવી છે.એક્સિસ બેન્ક ૨.૬૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૨૮ ટકા અને એચડીએફસી બેન્ક ૨.૨૫ ટકા, તથા એસબીઆઈનો શેર ૧.૫૦ ટકા ઉછળ્યો છે. બીએસઈ બેન્કેક્સમાં સામેલ ૯ સ્ક્રિપ્સ પૈકી માત્ર કેનેરા બેન્કનો શેર ૦.૪૭ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યો હતો.

સ્મોલકેપ, ટેલિકોમ્યુનિકેશન્સ, બેન્કેક્સ ઈન્ડેક્સ નવી રેકોર્ડ ટોચે પહોંચ્યા છે. જ્યારે બીજી બાજુ મીડકેપ શેર્સમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યુંછે. રિયાલ્ટી, ઓટો, એફએમસીજી શેર્સમાં પણ વેચવાલીનું પ્રેશર વધ્યું છે. મિડકેપ ઈન્ડેક્સ ૨.૧૬ વાગ્યે ૦.૩૧ ટકા ઘટાડે ૪૫૯૯૪.૮૬ પર ટ્રેડ થઈ રહ્યો હતો. જે અગાઉ ૧૯ જૂને ઓલટાઈમ હાઈ થયો હતો. લોધા ડેવલપર્સ, ટ્રેન્ટ, મેક્સ હેલ્થ સહિત મિડકેપના જાણીતા શેર્સમાં રોકાણકારો પ્રોફિટ બુક કરતાં નજરે ચડ્યા છે.

## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મેઘરાજાની અવિરત મહેરઃ ત્રણ દિવસ યલો એલર્ટ જાહેર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતનાં ૧૦૨-તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૦૫ થી ૪.૫ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો.સૌથી વધુ ખેડાનાં માતરમાં ૪.૫ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસ્યો હતો. તથા પંચમહાલનાં કલોલમાં-૪, સુરેન્દ્રનગરનાં ચુડામાં ૩.૫ ઈંચ, ખેડાનાં મહેમદાબાદમાં ૩.૫, અમદાવાદનાં ધંધુકામાં પોણા ત્રણ ઈંચ, વરસાદ નોંધાયો હતો.

જયારે જામનગરનાં લાલપૂરમાં પણ અઢી ઈંચ જેટલો વરસાદ પડયો હતો.આ ઉપરાંત ગાંધીનગરનાં માણસા, સુરતનાં ઓલપાડ અને ખેડામાં ૨ ઈંચ, તાપીનાં વાલોદ,દ્વારકાના કલ્યાણપૂરમાં પણ બે-બે ઈંચ વરસાદ નોંધાયો હતો.ડાંગના વઘઈ તથા તાપીના વ્યારાનાં દોઢ ઈંચ, કચ્છનાં નખત્રાણા અને વલસાડમાં પણ દોઢ ઈંચ, દ્વારકાના ભાણવડમાં દોઢ ઈંચ, સુરેન્દ્રનગરનાં ચોટીલામાં સવા ઈંચ, બોટાદમાં પણ સવા ઈંચ, રાણપૂરમાં ૧ અને કચ્છનાં અંજારમાં ૧ ઈંચ સુરેન્દ્રનગરનાં લિંબડીમાં પોણો, ભાવનગરનાં ઉમરાળા, જામનગર તથા



સુરેન્દ્રનગરનાં મૂળીમાં ૦.૫ -૦.૫ ઈંચ વરસાદ નોંધાયા પામ્યો હતો.

દરમ્યાન સૌરાષ્ટ્ર માંથી મળતા અહેવાલો મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસના મેઘરાજાના મુકામ વચ્ચે ગઈકાલે સૌથી વધુ કલ્યાણપુર તાલુકામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે અન્યત્ર ઝાપટા વરસ્યા હતા.

સૂત્રો દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ ગઈકાલે સોમવારે બપોર સુધીમાં કલ્યાણપુર તાલુકામાં ૪૨ મી.મી. વરસાદ વરસ્યો હતો. ત્યારે ભાણવડમાં ૫ અને ખંભાળિયામાં ૩ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગઈકાલે ખંભાળિયા પંથકમાં દિવસ દરમિયાન વરાપ રહ્યો હતો અને સૂર્યનારાયણના દર્શન થતા વાતાવરણ ચોખ્ખું બની રહ્યું હતું. જોકે ગઈકાલે તેમજ આજે પણ બફારા ભર્યા માહોલ સાથે આજે સવારથી વરસાદી વાતાવરણ જોવા મળ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજરોજ સવારે ૮ વાગ્યા સુધીમાં ખંભાળિયા તાલુકામાં ૩૩૬ મી.મી., ભાણવડ તાલુકામાં ૧૦૩, કલ્યાણપુર તાલુકામાં ૫૩ અને દ્વારકા તાલુકામાં ૩૯ મી.મી. સાથે મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૨૭ ટકા નોંધાયો છે.

જયારે ગોહિલવાડ પંથકમાં છૂટાછવાયા ઝાપટા થી લઈ અડધા થી એક ઇંચ વરસાદ પડ્યો છે. જિલ્લાના વલભીપુરમાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે .જ્યારે ઉમરાળા અને સિહોરમાં અડધા ઇંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે જિલ્લાના અન્ય તાલુકામાં હળવા ઝાપટા વરસી ગયા છે

આજે સવારે ૬ વાગે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભાવનગર જિલ્લાના વલભીપુરમાં ૨૩મી.મી. ઉમરાળામાં ૧૬ મી.મી. ભાવનગર શહેરમાં ૬ મી.મી. ઘોઘામાં ૧૦ મી.મી.શિહોરમાં ૧૨ મી.મી.ગારીયાધાર માં ૬મી.મી. પાલીતાણા ૫મી.મી. તળાજા ૬ મી.મી.મહુવા ૦ અને જેસરમાં ૨ મી.મી.વરસાદ નોંધાયો છે.જામનગર માં માત્ર એક ઇંચ વરસાદ નોંધાયા પછી વરસાદે વિરામ લીધો હતો.

# જામનગરમાંથી પોલીસે એક શખ્સને આધાર પુરાવા વગરના ૩૪ કિલો કોપર વાયર સાથે ઝડપ્યો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાંથી પોલીસે એક શખ્સને આધાર પુરાવા વગરના ૩૪ કિલો કોપર વાયર સાથે પકડાયો જામનગર શહેરમાંથી પોલીસે એક શખ્સને આધાર પુરાવા વગરના ૩૪ કિલો કોપર વાયર સાથે પકડી પાડી આ જથ્થો તેણે ક્યાથી મેળવ્યો? તે દિશામાં તપાસ હાથ ધરી છે.જામનગર શહેરમાં રહેતા કલ્પેશ ચંદુભાઇ મોદી (રહે.ઢીચડા ગામ, હાજીપીરની દરગાહ પાસે, જામનગર) નામનો શખ્સ શહેરના ગોલ્ડન સિટી આવાસના ગેટ પાસેથી આધાર પુરાવા વગરના કોપર વાયર સાથે પસાર થવાનો છે તેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી કલ્પેશ મોદીની અટકાયત કરી હતી. પોલીસે તેના એક્ટિવાની તલાશી લેતાં તેમાંથી રૂા.૧૭૦૦૦ ની કિંમતનો ૩૪ કીલો કોપરના વાયરના કટકા મળી આવ્યા હતાં. પોલીસે આ કોપર વાયરના કટકા અને રૂા.૩૦ હજાર નું એક્ટિવા સહિત રૂા.૪૭૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે આ વાયર પ્રકરણની સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીના લાયન્સનગરમાં ઘરફોડ ચોરીમાં સુ.નગર જીલ્લાના રીઢા શખ્સને દબોચી લેવાયો

## પકડાયેલ આરોપી સુ.નગર એ ડિવિઝન પોલીસ મથકના ધાડના કેસમાં પકડવા પર બાકી હતો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વિસીપરા વિસ્તારમાં લાયન્સનગરમાં ગત તા. ૧૯/૦૬ના રોજ થયેલ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ આરોપી તથા સુરેન્દ્રનગર એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ કેસમાં પકડવા પર બાકી એવા ઘરફોડીના રીઢા ચોરને મોરબી બી ડિવિઝન પોલીસ ટીમે મોરબીના ત્રાજપર ચોકડી નજીકથી દબોચી લેવામાં આવ્યો છે. પકડાયેલ રીઢો તસ્કર સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ મથકમાં અનેક વખત ચોરી, ધાડ તથા ઘરફોડીના કેસમાં પોલીસ ચોપડે નામ નોંધાવી ચૂક્યો છે. હાલ મોરબીમાં થયેલ ઘરફોડી કેસમાં બી ડિવિઝન પોલીસે અગાઉ બે આરોપીને ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા ત્યારે વધુ એક આરોપીને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




મળતી માહિતી અનુસાર મોરબીના લાયન્સનગરમાં થયેલ ઘરફોડ ચોરીની ફરિયાદ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઇ હતી જે અનુસંધાને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ આ કેસમાં સંડોવાયેલ આરોપીને શોધવા કાર્યરત હોય ત્યારે બે આરોપીને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા હતા જ્યારે સુ.નગર જીલ્લાનો એક આરોપી પકડવા પર બાકી હતો જે આરોપી રાહુલભાઈ પેથાભાઈ સરવૈયાને મોરબી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબી ત્રાજપર ચોકડી નજીક ઇન્ડિયન ઓઇલ પંપ પાછળથી ઝડપી લેવામાં આવ્યો છે. મોરબી બી ડિવિઝનમાં નોંધાયેલ કેસ ઉપરાંત પકડાયેલ આરોપી રાહુલભાઈ સરવૈયા સુરેન્દ્રનગરના એ ડિવિઝન પોલીસ મથકમાં ધાડના કેસમાં પકડવા પર બાકી હોય જેથી સુરેન્દ્રનગર એ ડિવિઝનમાં જાણ કરવામાં આવી છે.

મોરબી બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા પકડેલ આરોપી બહુ જબરો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે, આરોપી રાહુલભાઈ સરવૈયા ઉપર સુરેન્દ્રનગર જીલ્લામાં ચોરી, ધાડ જેવા અન્ય આઠ કેસ નોંધાયેલ છે. વધુમાં આરોપી રાહુલ સરવૈયા રાત્રીના સમયે બંધ મકાનના તાળાના નકુચા સળીયા વડે તોડી ઘરફોડ ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી વાળો છે.

# ટંકારામાં ઓવરબ્રિજ ઉપર અંધારપટ્ટ, સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવા માંગ

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારામાં મોરબી રાજકોટ હાઇવે ઉપર બનેલા ઓવરબ્રિજ ઉપર હાલ રાત્રિ દરમિયાન અંધારપટ્ટ છવાઈ ગયો છે. ત્યારે સ્થાનકો દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે કે ઓવરબ્રિજ ઉપર નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટના થાંભલા મહેજ શોભાના ગાઠીયા સમાન ન બની રહે તે માટે તેમજ રાત્રિ દરમિયાન બ્રિજ ઉપર અવર જવર કરતા નાના વાહન ચાલકોને હાલાકી ન ભોગવવી પડે તેમજ મહદઅંશે અકસ્માતના બનાવો નિવારી શકાય તે માટે સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા લોક માંગણી ઉઠવા પામી છે.





ટંકારા પંથકમાં વિકાસ માત્ર કાગળ પર થતા હોય તેમ એક નહીં અનેક સમસ્યાઓની પોકાર કાયમ માટે ઉઠી રહી હોય ત્યારે ઉનાળામાં પીવાના પાણીની તંગી, હોસ્પિટલમાં અપૂરતા ડોક્ટરના કારણે મેડિકલ સારવાર અંતર્ગત પડે છે હાલાકી અધુરામાં પૂરું કાળઝાળ ગરમીમાં ગમે ત્યારે ટેકનિક ફોલ્ટના કારણે લાઇટ ગુલ થતી રહે છે ત્યારે લાખો કરોડોના ખર્ચે બનેલા બ્રિજમાં નાખેલા સ્ટ્રિટ્ર થાંભલામા ભાજપના શાસનમાં પાવરની કમીથી અંધાર પટ છવાયો છે ત્યારે હાલ વિકાસના અવરોધો દૂર કરી પ્રજાને પડતી હાલાકી બાબતે રાજકીય નેતા જો ટંકારા પંથકમાં ધ્યાન કેન્દ્રિત કરે તો અનેક પ્રશ્નોના નિરાકરણ ઝડપથી લાવી શકાય તેમજ વિકાસ માત્ર કાગળ ઉપર નહિ પરંતુ નરી આંખે જોઈ શકાય.

# મોરબીના બેલા ગામ નજીકથી ૭૦૦ લીટર દેશી દારૂ સાથે એકની અટક, અન્ય એક ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના બેલા ગામ નજીક ખોખરા હનુમાનજી જવાના રસ્તે આવેલ ઝૂપડામાંથી ૭૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧૪ હજાર સાથે એક ઇસમને તાલુકા પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે, પકડાયેલ આરોપીની પ્રાથમિક પૂછપરછમાં મોરબી કુબેર ટોકીઝ પાછળ રહેતા અન્ય આરોપી પાસેથી વેચાણ કરવા દેશી દારૂનો જથ્થો લઇ આવ્યાની કબૂલાત આપતા તે આરોપીને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે પ્રોહીબિશન હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે બેલાથી ખોખરા હનુમાન જવાના રસ્તે વેલોજા કારખાના પાછળ ઝુપડામા દરોડો પાડી પ્લાસ્ટિકના અલગ અલગ બચકમાંથી ૭૦૦ લીટર દેશી દારૂ ઝડપી લેવાયો છે. આ સાથે આરોપી પ્રકાશભાઇ રામુભાઇ મંદુરીયા ઉવ.૪૦ મૂળરહે.જુના દેવળીયા તા.હળવદ જી.મોરબી. હાલ રહે.ખોખરા હનુમાન પાસે વેલોજા કારખાના પાછળ ઝુપડાની અટકાયત કરાઈ છે, જ્યારે દેશી દારૂનો જથ્થો વેચાણ કરવાના આશયથી મૂકી જનાર આરોપી રાહુલ દેવીપૂજક રહે.મોરબી કુબેર ટોકીઝ પાસે તે દરોડા દરમિયાન હાજર ન મળી આવતા તેને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં શાકમાર્કેટ વિસ્તારમાંથી શંકાસ્પદ હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં શાકમાર્કેટ વિસ્તારમાંથી શંકાસ્પદ હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવિયો જામનગરમાં શાકમાર્કેટ નજીકના વિસ્તારમાંથી રવિવારે બપોરે એક યુવાનનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં મળી આવતા ભારે દોડધામ થઈ છે. પોલીસ દ્વારા તબીબોની પેનલ મારફતે પોસ્ટ મોર્ટમ કરાવાયું છે. જયારે પડી જવાના કારણે મૃત્યુ થયાનું પ્રાથમિક તારણ નીકળ્યું છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં સુમરા ચાલી વિસ્તારમાં ઊનની કંદોરી પાસે રહેતો અને ભંગારની ફેરી કરતો મહેશભાઈ રાજુભાઈ છૂવાર નામનો ૩૮ વર્ષનો યુવાન રવિવારે બપોરે શાક માર્કેટ નજીકના વિસ્તારમાંથી બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. ૧૦૮ ની ટીમને ઘટના સ્થળે બોલાવતાં તેણે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. જેથી પોલીસ દ્વારા મૃતદેહને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો, અને ત્યાં તબીબોની પેનલ મારફતે તેનું પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે.પોલીસ દ્વારા પ્રાથમિક દ્રષ્ટિએ ઠેંસ વાગવાથી પડી જવાના કારણે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું અનુમાન લગાવ્યું છે. જોકે સમગ્ર બનાવ મામલે ઊંડાણપૂર્વકની તપાસ ચલાવાઈ રહી છે, અને તેનું ક્યાં સંજોગોમાં મૃત્યુ નીપજ્યું છે, તે અંગે પોસ્ટમોટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

# ભાયાવદર સેવા સહકારી મંડળીમાં ભાજપના નવા જૂથનો વિજય

**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

ભાયાવદર તારીખ : ૨૩/૦૬ ના રોજ યોજાયેલ ભાયાવદર સેવા સહકારી મંડળીની ચુટણીમાં કુલ સભાસદ ૩૦૭૭ છે. તેમાંથી ૧૪૧૧ ખેડુત સભાસદોએ મતદાન કરેલ છે. આ ચુટણીમાં ભાયાવદર શહેર ભાજપની ટીમે આમ-આદમી પાર્ટી, કોંગ્રેસ પક્ષ સાથે ગઠબંધન કરીને તેના ૧૩ ઉમેદવારોને મેદાનમાં ઉતારેલ હતા. સામા પક્ષે નયનભાઈ જીવાણીની ટીમ માં ભાયાવદર સેવા સહકારી મંડળી ના પ્રમુખ નટવરભાઈ મારસોણીયા, ઉપ્રમુખ જીતેન્દ્રભાઈ માકડીયા સહિત ૧૩ ઉમેદવારોને મેદાનમાં ઉતારેલ હતા ત્યારે આ મંડળીમાં છેલ્લા પાંચ વર્ષથી નટવરભાઈ મારસોણીયાના પ્રમુખ સ્થાને ભાયાવદર સેવા સહકારી મંડળીમાં કોઈપણ જાતના વાદ-વિવાદ વગર પાંચ વર્ષ પુરા કરેલ છે. સામા પક્ષે આ મંડળી હડપ કરવા માટે ભાયાવદર ભાજપની ટીમ અને તેના ગઠબંધ ને એડીચોટીનું જોર લગાવેલ હતું, ત્યારે આ ચુટણી યોજાતા ભાયાવદર ખેડુત સભાસદોએ નયનભાઈ જીવાણીની ટીમ ઉપર જીતનો કળશ ઉતારીને જંગી બહુમતીથી આખી પેનલને વિજય બનાવેલ છે. સામેની પેનલે ખુબ ખોટો અપ્રચાર કરીને આ પેનલને બદનામ કરવા સહીતના હવાતીયા મારેલ હતા, ત્યારે ખેડુતોએ તેઓને મતરૂપી તમાચો મારી ૧૪૦૦ ના મતદાનમાં ૨૫૦ કરતાં પણ વધારે મતોથી હરાવીને તેમને તેમનું સ્થાન દેખાડી દીધેલ છે.






ભાયાવદર સેવા સહકારી મંડળીમાં ચાલુ બોડીને ખેડુતોએ તેમના પર વિશ્વાસ રાખી જંગી બહુમતી ફરી ચુંટાવી વિજય બનાવેલ છે. આ તકે ખેડુત મતદારોનો નયનભાઈ જીવાણી સહિત આખી ટીમ ખુબખુબ આભાર વ્યક્ત કરે છે.

# કસ્ટમ હાઉસ સિક્કા તથા સમજુ દેશી સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા’ વિષય પર સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર યુવાનોમાં ડ્રગ્સ દ્વારા નશાનું પ્રમાણ વધતું જાય છે જે સમાજને અંદરથી ખોખલો અને નિર્માલ્ય બનાવી રહ્યું છે. ખાસ કરીને ટીનેજરો જાગૃતિના અભાવે ડ્રગ્સ માફિયાઓ તેમજ તેમના પેડલરોની જાળમાં ફસાઈને સરળ શિકાર બને છે.આ સંજોગોમાં ડ્રગ્સ વિશે યુવાનોમાં અને ખાસ કરીને અપરિપક્વ તરુણોને ડ્રગ્સના દૂષણ વિષે માહિતગાર કરવા અત્યંત જરૂરી બન્યું છે. ભાંગ, ચરસ, ગાંજો, એમ.ડી. ડ્રગ્સ, હેરોઇન, કોકેઇન, સિન્થેટીક ડ્રગ્સ, એલએસડી જેવા જુદા જુદા નશાકારક પદાર્થો વિશે તલસ્પર્શી જાણકારી આપવી તેમજ આવા પદાર્થો રાખવા અને નશો કરવા બદલ ફટકારવામાં આવતા દંડ અને આકરી સજા વિશે યુવાવર્ગને જાણકારી આપવી અત્યંત જરૂરી બની ગઈ છે જે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેકસીસ અને કસ્ટમ ડિપાર્ટમેન્ટ તેના દરેક કસ્ટમ ફોર્મેશનમાં તારીખ ૧૨ જૂન થી ૨૬ જૂનને ‘ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા’ પખવાડિયા તરીકે ઉજવે છે,





જેમાં શૈક્ષણિક સંસ્થાઓ અને એનજીઓને સાંકળીને રેલી, સેમિનાર, વોકેથોન, વર્કશોપ, સ્ટ્રીટ શો વગેરે જેવા કાર્યક્રમો સમગ્ર દેશમાં યોજાય છે. આ ઝુંબેશના ભાગરૂપે જામનગર જિલ્લાના સિક્કા ગામમાં આવેલ ડીસીસી ટેકનિકલ હાઈસ્કૂલ ખાતે કસ્ટમ હાઉસ, સિક્કા અને સમજુ દેશી સોસાયટી ગત્રહ્ય ના સંયુક્ત ઉપક્રમે ‘ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા’ વિષય પર સેમિનાર યોજાયેલ જેમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ ૧૦ થી ૧૨ ના આશરે ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓને કસ્ટમ ડિપાર્ટમેંટના અધિકારીઓએ પ્રોજેક્ટર દ્વારા પ્રેઝન્ટેશન આપ્યું તેમજ વિદ્યાર્થીઓના જિજ્ઞાસાભર્યા પ્રશ્નોનાં સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા. તથા એનજીઓના શ્રી કિશન અભાણીએ વિદ્યાર્થીઓને કાયદાકીય સમજ આપી. સેમિનાર બાદ એનજીઓ દ્વારા બાળકોને સુવેનિયર તરીકે 'Say No to Drug' ના સંદેશ સાથેની પેન આપવામાં આવી.

આ સેમિનારમાં કસ્ટમ હાઉસ, સિક્કાના આસિસ્ટન્ટ કમિશ્નર કૌશિકકુમાર વડાલીયા તેમજ ડીસીસી ટેકનિકલ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ એમ.એમ.બામરોટીયા તેમજ એસડીસીસીએલ પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ નીરજ તથા શિક્ષકો સર્વ મુકેશ ભટ્ટ, રવિ ચૌહાણ તથા શર્મા વગેરે ઉપસ્થિત રહેલ. તેમજ કસ્ટમ સુપરિટેનડેન્ટ સર્વ વસંતભાઈ ગામેતી, હરદીપસિંહ જાડેજા, ઉત્તમ ભલસોડ અને કસ્ટમ ઈન્સ્પેક્ટર સર્વ સુરેન્દ્ર પ્રતાપ સિંઘ, ગૌરવ જૈન તથા વિવેકકુમાર તથા સિક્કાના પુનિતભાઈ બુજડે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.તેમજ આ સેમિનારનું પરિકલ્પન તથા સંચાલન કસ્ટમ સુપરિટેનડેન્ટ સંજીવ જાનીએ કરેલ.

# જામનગરમાં પોલીસ હેડ કવાર્ટર ખાતે લોન મેળો યોજાયો







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ દ્વારા વ્યાજખોરીના દૂષણ વિરુદ્ધની ઝુંબેશ અંતર્ગત બેંક લોન મંજૂરી પત્ર વિતરણ કાર્યક્રમ પોલીસ હેડ ક્વાર્ટર જામનગર ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ નાઓ તેમજ બેંક અધિકારીઓ દ્વારા લોન મેળામાં ચેક અર્પણ કરવામાં આવેલ હતા. તેમજ ‘‘તેરા તુજકો અર્પણ‘‘ કાર્યક્રમ અંતર્ગત ભોગ બનનાર બેનને સોનાના દાગીના સહિત કુલ રૂપિયા ૬ લાખનો મુદ્દામાલ જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, જયવીરસિંહ ઝાલા દ્વારા પરત આપવામાં આવેલ હતો.જામનગરમાં પોલીસ હેડ ક્વોટર ખાતે જનતા માટે જાહેર લોન મેળા અને જનસંપક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જે મારા રાષ્ટ્રીયકૃત તથા સહકારી બેંકના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તેમજ જે લોકોને ભવિષ્યમાં લોન લેવા ઇચ્છતા હોય એ લોકોને સરળતાથી લોન મળી રહે અને સાચું માર્ગદર્શન મળે તે માટે જનતા ગેરકાયદે નાણાકીનાર વ્યાજકવાદી ઓલી જંગલમાં ન ફસાય એ માટે આ આયોજન કરવામાં આવ્યું હતું જેનો જનતા દ્વારા મોટી સંખ્યામાં લાભ લીધો હતો.


# જામનગરની યુવતી સાથે અમદાવાદમાં દુષ્કર્મ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં રહેતી યુવતી સાથે ૭ વર્ષથી પરિચયમાં રહેલા શખ્સે તેને ધાક ધમકી આપી અમદાવાદ લઈ જઈ દુષ્કર્મ આચરતા પોલીસ ફરિયાદ થયા બાદ પોલીસે આ શખ્સની અટક કરી તેને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે. શહેરના રણજીતસાગર રોડ ઉપર આવેલા એક વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષની યુવતીના હર્ષ ઉર્ફે કાનો નામનો શખસ પરિચયમાં હતો. એકાદ મહિના પહેલા યુવતીને અમદાવાદ લઈ ગયો હતો. જ્યાં યુવતીને ધાક-ધમકી આપીને બળજબરી પુર્વક દુષ્કર્મ આચર્યુ હતું. જે બાદ તેઓ જામનગર આવતા રહ્યા હતાં.આ બનાવ બાદ યુવતીએ તેણીના માતાને વાત કરી હતી. બાદ સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ તૃષાબેન બુડાસણાએ તપાસ હાથ ધરી હતી અને આરોપી હર્ષ ઉર્ફે કાનાની ધરપકડ કરીને રીમાન્ડ માટેની તજવીજ હાથ ધરી છે. આ બનાવથી શહેરમાં સારી એવી ચકચાર જાગી છે. યુવતીનું મેડિકલ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

## જામજોધપુર અનુસુચિત જાતિના ઉપપ્રમુખ રમેશભાઈ મકવાણાનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, જામજોધપુર**



જામજોધપુર શહેર અનુસુચિત જાતિના ઉપપ્રમુખ રમેશભાઈ મકવાણાનો આજે જન્મદિવસ છે. તા. ૨૫-૦૬-૧૯૭૧ના રોજ જન્મેલા રમેશભાઈ આજે સફળ જીવનના ૫૨ વર્ષ પૂર્ણ કરી ૫૩ માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. રમેશભાઈ અનેક સામાજીક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા છે. તેમના જન્મદિવસ નિમિતે વિજયભાઈ બગડા જામજોધપુર તથા મુખ્ય સમાચાર પરિવાર શુભેચ્છા પાઠવે છે. તેમના મો. નં. ૮૧૪૦૭ ૭૦૩૦૮ છે.

# જામનગર તાલુકાના ઠેબા ગામે રહેતા ખેડૂત દરિયાદિલી

## ૧૫ વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ઉત્પાદન કરેલા ફળો માત્ર પક્ષીઓને ખવડાવે છે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના ઠેબા ગામે રહેતા દરિયાદિલ ખેડૂત રસાયણમુક્ત જમીન ધરાવતા ફાર્મમાં મોર, ચકલી, પોપટ સહિત અનેક પક્ષીઓનો દિવસભર કલરવ પ્રાકૃતિક ખેતી પધ્ધતિ આર્થિક રીતે અને આરોગ્ય માટે ફાયદાકારક દિલીપભાઈ કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઇકો સિસ્ટમની રચના કરી છે અને આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાના પ્રાકૃતિક કૃષિ અંગેના પુસ્તકમાં જણાવ્યું છે કે, મુખ્ય પાકનો ખેતી ખર્ચ આંતરપાક કે મિશ્ર પાકના ઉત્પાદન માંથી મેળવી લેવો ને મુખ્ય પાક બોનસના રૂપમાં લેવાને જ પ્રાકૃતિક કૃષિ કહેવાય છે.







ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે દિશામાં ગુજરાત સરકાર દ્વારા તાલીમ અને શિબિરોનું તમામ જિલ્લાઓમાં આયોજન કરવામાં આવે છે. તેમજ અનેક યોજનાઓ પણ અમલમાં છે. જામનગર જિલ્લાના ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. ત્યારે ઠેબા ગામે રહેતા દિલીપભાઈ સંઘાણી આત્મા પ્રોજેકટ અંતર્ગત આયોજિત તાલીમો અને શિબિરોમાં ભાગ લઈ તેમાંથી માર્ગદર્શન મેળવી ૭ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. બાગાયતી પાકોનું પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી વાવેતર કરી રહ્યા હોવાથી સરકાર દ્વારા સહાય પણ આપવામાં આવે છે.પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી વાવેતર કરીને તેનું સારું ઉત્પાદન મેળવી ખેડૂતો આર્થિક ફાયદો તો મેળવી રહ્યા છે. પરંતુ દરિયાદિલ દિલીપભાઈની ખાસિયત એ છે કે, પોતાના ફાર્મમાં તેઓએ અનેક ફળોનું વાવેતર કર્યું છે. અને એક પણ ફળ તેઓ ખાતા નથી કે તેનું વેચાણ પણ કરતાં નથી. માત્ર પક્ષીઓ રસાયણમુક્ત ફળો ખાઈ શકે તે માટે તેઓ ઝાડના બધા ફળો તેમના માટે મૂકી દે છે. તેમના ફાર્મમાં રસાયણમુક્ત જમીન તો છે જ સાથે સાથે મોર, ચકલી, પોપટ સહિત અનેક પક્ષીઓનો દિવસભર કલરવ પ્રદૂષણમુક્ત વાતાવરણ માંથી મનને શાંતિ આપે તેવું વાતાવરણ પણ ઊભું થયું છે.જામનગર તાલુકાના ઠેબા ગામે રહેતા દિલીપભાઈ સંઘાણી જણાવે છે કે, તેઓએ ૧૫ વિઘા જમીનમાં બાગાયતીપાકો પૈકી ફળો જેમાં ચીકુ, નાળિયેરી, ખારેક, મોસંબી, આંબો, જાંબુનું વાવેતર કર્યું છે. માત્ર ને માત્ર પશુ-પક્ષીઓ કોઈ જંતુનાશક દવાઓથી પકાવ્યા વગરના ફળો ખાઈ શકે તે હેતુથી ફળોનું વેચાણ પણ કરતાં નથી. છેલ્લા ૧૧ વર્ષથી પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી ખેતી કરે છે. કોઈ પણ જાતનું રાસાયણિક ખાતર ઉપયોગ કર્યું નથી. ગાયનું છાણ અને ગૌમૂત્રનો જ ખેતીમાં ઉપયોગ કરે છે. તમામ ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતતા લાવવા માટે સંદેશો આપતા દિલીપભાઇ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતી કરવાથી મનુષ્યનું સ્વાસ્થ્ય પણ સારું રહે છે અને જમીનની ફળદ્રુપતા વધે અને આવક સારી મળે છે.

એટલે કે ધરતી આપણી માતા છે અને આપણે તેમના પુત્ર છીએ. પરંતુ વધારે ઉત્પાદનની લાલચમાં માણસ કુત્રિમ ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરે છે. જેના લીધે જમીન અને માણસ બંને અનેક અનેક સમસ્યાઓથી હેરાન છે. રાસાયણિક ખાતરોના ઉપયોગથી ઉગાડેલા પાકથી માણસનું સ્વાસ્થ્ય પણ જોખમમાં મુકાય છે અને જમીનની ફળદ્રુપતા પણ ઘટે છે. પરંતુ જો કુદરતે આપેલી વસ્તુઓ ને કુદરતી જ રહેવા દઈએ તો લાંબાગાળે તેનો ફાયદો મનુષ્ય ને જ છે. માટે ખેડૂતો પણ રાસાયણિક ખેતી છોડીને પ્રકૃતિક ખેતી અપનાવે તે દિશામાં ગુજરાત સરકાર મક્કમ પગલાં લઈ રહી છે.

# શહેરની શાળા-કોલેજોને બંધ કરાવતા એનએસયુઆઈના હોદેદારોઃ પોલીસે કરી અટકાયત



(તસ્વીરઃ આનંદ જાવિયા)

અગ્નિકાંડ મુદ્દે પીડિતોનો ન્યાય અર્થે કોંગ્રેસે આજે બંધનુ એલાન આપ્યુ છે ત્યારે રાજકોટની ૯૮% શૈક્ષણિક સંસ્થાઓએ આગલા દિવસે જ સ્વૈચ્છિક સમર્થન જાહેર કરીને આજે શૈક્ષણિક કાર્ય બંધ રાખ્યુ હતુ અને આજે અમુક સ્કૂલો-કોલેજોમા શૈક્ષણિક કાર્ય ચાલુ હતુ તે સંસ્થાઓને ગજ્જાઈ અને યુવા આગેવાનો આજે સવારથી બંધ કરાવવા નીકળ્યા હતા અને ૧૦ થી વધુ સ્કૂલો-કોલેજો બંધ હતી તેમા સંચાલકોને વિનંતી કરીને બંધ કરાવી હતી.જો કે ૫૦ થી વધુ સ્કૂટરો સાથે આગેવાનો અને કાર્યકરો આજે અનેક રોડ પર વિનંતી સાથે દુકાનો-વેપાર ધંધાઓ બંધ કરાવીને પીડિતોને ન્યાય માટે સમર્થનની માંગ કરી હતી અને રોડ સપૂર્ણ બંધ કરાવ્યા હતા. જો કે કાર્યકરોએ ૧૦ કિમી જેટલા રાજકોટના મુખ્ય માર્ગોને શાંતિપૂર્વક બંધ કરાવ્યા બાદ સ્વામિનારાયણ મંદિર સામે પોલીસે કાર્યકરોને અટકાવતા ૩૦ મીન સુધી ટ્રાફિક સર્જાયો હતો અને કાર્યકારોએ પોલીસની ખોટી રીતે દમનગીરીનો વિરોધ કરતા થોડો સમય કાલાવડ રોડ કાર્યકરોએ બાનમા લેતા પોલીસના ધાડાધાડા ઉતર્યા હતા અને ૨૦ જેટલા કાર્યકરોની પોલીસે અટકાયાત કરી હતી. કોંગ્રેસના યુવા આગેવાન રાજદીપસિંહ જાડેજા,રોહિતસિંહ રાજપુત ,NSUI ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી,યુવા કોંગ્રેસના પ્રમુખો અલ્પેશ સાધરિયા,હરપાલસિંહ જાડેજા,NSUI ના પ્રદેશ હોદેદારો ઈશ્વર ડામોર,અંકિત સોંદરવા,કરણ મોદી,મયુર ખોખર, ગજ્જાઈના રાજકોટ બંને પ્રમુખો બ્રિજરાજસિંહ રાણા,રિયાઝ સુમારા,આર્યન કનેરિયા સહિત યુવા કોંગ્રેસના કાર્યકરો યશ ભીંડોરા,જીત સોની,રોનક રવૈયા સહિત અનેક વિદ્યાર્થી કાર્યકર્તાઓ આજે સફળ આયોજન કર્યુ હતું.

## આંબેડકરનગરમાં માતાએ તમાચા માર્યાનો ખાર રાખી શખ્સનો પુત્ર પર ખુની હુમલો

### વીરડા-વાજડી ગામે ધરારનગરમાં રહેતા યુવાને ગાંધીગ્રામ-૨ યુનિ. પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે હુમલાખોરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર વીરડા - વાજડી ગામે ધરારનગરમાં રહેતા નિખીલ ઘનશ્યામ જાદવ - (ઉ.વ.૨૧) પર આરોપી વિજય ભનુભાઈ ચૌહાણે છરી વડે હુમલો કર્યો હતો. ગાંધીગ્રામ-૨ પોલીસે હત્યાની કોશિષનો ગુનો દાખલ કરી તપાસ આગળ ધપાવી છે.

નિખીલે જણાવ્યુ છે કે, તે ઇલેક્ટ્રિક વાયરિંગનું કામ કરે છે. ગઇકાલે રાત્રે ઘર પાસે આંબેડકર હતો. ચોકમાં બેઠો હતો ત્યારે આરોપી બાઇક ઉપર ધસી આવ્યો હતો અને તેને કહ્યું કે તને શું હવે છે.

તારી હવા કાઢી નાખવી પડશે, હું તને જોઈ લઈશ. બાદમાં બાઇક લઈ આરોપી જતો રહ્યો હતો.૧૫ મીનીટ બાદ ફરીથી બાઇક લઈ આવ્યો હતો. આવીને તેનો કાંઠલો પકડી માર મારવાનું શરૃ કર્યું હતું.આટલેથી નહીં અટકતા છરી કાઢી આજે તો તને પતાવી જ દેવો છે.

તેમ કહી ગળાના ભાગે છરીનો એક ઘસરકો કર્યો હતો. બીજો ઘા મારવા જતા તેણે હાથ આડો ધરતા કોણીથી ઉપરના ભાગે ઘા વાગી ગયો હતો. આરોપી ત્રીજો ઘા પણ મારવા જતાં તેના મિત્રો રવિ અને મનિષે વચ્ચે પડી છોડાવ્યો તે સાથે જ આરોપી બાઇક લઈ ભાગી ગયો હતો. તેને લોહીલુહાણ હાલતમાં મિત્રોએ પ્રથમ ખાનગી અને બાદમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. જ્યાં જઈ ગાંધીગ્રામ- ૨ પોલીસે ફરિયાદ નોંધી હતી.

નિખીલે પોલીસને જણાવ્યું કે થોડા સમય પહેલા તેની માતા ઉપાબેન સાથે આરોપીએ બોલાચાલી કરી ગાળો ભાંડી હતી. જેથી તેણે આરોપીને બે તમાચા ઝીંકી દીધા હતા.ત્યારથી આરોપી તેને જાનથી મારી નાખવા માટે તકની રાહ જોતો હતો. ગઇકાલે તે મિત્રો સાથે બેઠો હતો ત્યારે આરોપીએ આવી છરીના ઘા ઝીંકી દીધા હતા.

## શાપર વેરાવળમાં વૃધ્ધ પર બે પાડોશીઓનો ધોકા વડે હૂમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શાપર વેરાવળમાં આવેલ મારૂતિ ટ્રાવેલ્સની ઓફિસની બાજુમાં હિરાબાપાની સમાધી પાસે રહેતા કાનજીભાઈ પુનાભાઈ પરમાર (ઉ.વ.૬૪)નામના વૃધ્ધએ શેરીમાં ખાડો ક્ર્યો હોય ત્યારે બાજુમાં રહેતો પ્રદિપ હિરા સિંધવને પારડીનો કમલેશ પરમાર નામના બે શખ્સો બાઈક લઈ નિકળતા શેરીમાં ખાડો કેમ ક્ર્યો છે. તેમ કહીં ઝઘડો કરી લાકડી અને ધોકા વડે હૂમલો કરી વૃધ્ધને મારમારતા શાપર વેરાવળ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે એએસઆઈ બી.સી.સોલંકીએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## જુની કલેકટર કચેરીમાં દારૂની મહેફીલનું ભીનુ સંકેલાઈ ગયાની ચર્ચા

### પોલીસે બે દુકાનદારો પર કાર્યવાહી કરીઃ બે પુરવઠા અધિકારી સહિત સાત કર્મચારીને જવા દઈ તોડ કર્યાની ચર્ચા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂની કલેકટર કચેરીમાં આવેલી પુરવઠાની ઝોનલ કચેરીમાં ગત ગુરુવારે રાત્રિના દારૂની મહેફીલ ઉપર પોલીસે દરોડો પાડી બે પુરવઠા ઇન્સ્પેક્ટર સહિત સાત લોકોને રંગેહાથ ઝડપી લીધાની ઘટનાએ ભારે ચર્ચા જગાડી છે.પોલીસે આ ઘટનામાં વહીવટ કરી કર્મચારીઓને છોડી મૂક્યાની માહિતી પ્રકાશમાં આવી છે.



સુત્રોમાંથી જાણવા મળ્યું છે કે ગત ગુરુવારના રાત્રિના આસપાસ જૂની કલેકટર કચેરીમાં આવેલી પુરવઠા વિભાગની ઝોનલ ઓફિસમાં ઝોનલ પુરવઠા ઈન્સ્પેક્ટર,પુરવઠા વિભાગના ઈન્સ્પેક્ટર અને ચાર જેટલા કોમ્પ્યુટર ઓપરેટર સહિત બે સસ્તા અનાજના દુકાનદારો દારૂની મહેફિલ માંડીને બેઠા હતા.ત્યારે જ અચાનક પોલીસ દરોડો પાડતા આ સાતેય શખસો દારૂ સાથે રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

પોલીસે નશાની હાલતમાં સાતેય શખ્સોને ઝડપી લેતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પરંતુ બેની ઈન્સ્પેક્ટરની નોકરી દાવ ઉપર લાગી હોય હાજર સસ્તા અનાજના દુકાનદારે આખું પ્રકરણ પોતાની માથે ઓઢી લીધું હતું. પોલીસને પણ સરકારી કર્મચારીઓ જપટે ચડ્યા હોય જોઈતું મળી ગયું હતુ અંતે પ્રકરણ ભીનું સંકેલવા મોટી રકમની આપ લે કરવામાં આવી હોવાની કલેકટર કચેરીના સુત્રોમાં જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. પોલીસે પણ આ કેસમાં રાજકારણ ખેલ્યુ હોય તેમ ગુરુવારે જૂની કલેકટર કચેરીના કેમ્પસમાં દારૂનો દરોડો દેખાડયો હતો.તેમાં એક શખ્સને નરસંગપરામાંથી દારૂની બોટલ સાથે રાત્રે ૮ વાગ્યે ઝડપી લીધો હોવાનું ગુનો નોંધ્યો છે.પરંતુ વાસ્તવમાં આ કેસમાં સ્થળ અલગ દખાડી સરકારી કર્મચારીઓને છોડી મુક્યાની વિગત પ્રકાશમાં આવી છે.

## રાજકોટ બંધમાં ન જોડાવવા પોલીસ દ્વારા વેપારીઓને દબાણ કરાતુ હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

### વેપારી અને પોલીસમેનની વાતચીતનો ઓડીયો વાયરલ થતા કોંગી આગેવાનોએ સી.પી. કચેરીએ ધામા નાંખ્યાઃ બિમાર હોવાનું કહી પોલીસ કમિશનર નીકળી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી અગ્નિકાંડની ઘટનાને એક મહિનો પુરો થઈ ગયો હોવા છતાં પણ જવાબદારો સામે પગલા ભરવામાં સરકાર અને સીટ બન્ને નિષ્ફળ ગઈ હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસે અગ્નિકાંડની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે રાજકોટ બંધનું એલાન આપ્યું હતું. અને આ આંદોલનમાં જોડાવવા સમગ્ર રાજકોટને અપીલ કરી હતી. ત્યારે વેપારીઓને બંધમાં નહીં જોડાવવા માટે પોલીસ દ્વારા દબાણ કરવામાં આવતું હોવાના આક્ષેપો કોંગ્રેસે કર્યા હતાં. આ બાબતે પોલીસ કમિશનરને કોંગ્રેસના આગેવાનો રજૂઆત કરવા ગયા હતાં. પરંતુ પોલીસ કમિશનર બીમારીનું બહાનું આપી જતાં રહ્યા હતાં.

આ અંગે કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, પોલીસ કમિશનરના આદેશથી વિવિધ પોલીસ સ્ટેશનોના કર્મચારીઓ દ્વારા વેપારીઓને ફોન કરી અને તેમની પાસેથી વેપારીઓનું લીસ્ટ મંગાવવામાં આવી રહ્યું છે. રાજકોટ બંધના એલાનમાં નહીં જોડાવવા માટે એનકેન પ્રકારે વેપારીઓ પાસેથી માહિતી મેળવી દબાણ કરવામાં આવ્યું છે. જેની ઓડિયો ક્લીપ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર રાજકોટમાં ખળભળાટ મચી ગયો છે. આ અંગે કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિતના આગેવાનો વાયરલ થયેલ ઓડિયો ક્લીપને લઈને રાજકોટ પોલીસ કમિશનરને રજૂઆત કરવા રૂબરૂ કચેરીએ દોડી ગયા હતાં. પોલીસ કમિશનર માત્ર થોડીવાર મળી અને પોતે બિમાર હોવાનું બહાનું ધરીને નિકળી ગયા હોવાના આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવમાં આવ્યા હતાં.

વધુમાં કોંગ્રેસના આગેવાનોએ કહ્યું હતું કે, કેટલાક પોલીસ સ્ટેશનોમાંથી વેપારી એસોસીએશન, સ્કૂલ સંચાલકો સહિતના વિવિધ સંસ્થાઓને ફોન કરી ચાલુ રાખવા જણાવ્યું હતું તેમજ કોઈ બંધ કરાવવા આવે તો અમે પ્રોટક્શન આપસું તેવા ઓડિયો કોલ વાયરલ થયા છે.

આ અંગે કોંગ્રેસ આગેવાનોએ કહ્યું હતું કે, પોલીસ ભાજપની કાર્યકરની ભૂમિકામાં હોય તેવું ચીત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કારણ કે અગ્નિકાંડમાં પોલીસની પણ ભૂમિકા સામે આવી છે. પોલીસ સરકારનો હાથો બનવાના બદલે પોતાની ભૂમિકા ન્યાયીક રીતે નિભાવે તે જરૂરી છે. આ અંગે સીપીએ કહ્યું હતું કે, મારી પાસે આવા કોઈ પુરાવા આવશે તો અમે જરૂરથીને કાર્યવાહી કરીશું.

## ભ્રષ્ટાચારનો જાદુઃ જસદણમાં ચાલી રહેલા સીસી રોડમાં નબળી કામગીરી કરાતી હોવાની બુમરાણ ઉઠી, કોન્ટ્રાક્ટર દ્વારા રોડના કામમાં લોટ પાણીને લાકડા !

### પાલિકામાં વહીવટદારનું શાસન હોય એન્જીનીયર સહિતન અધિકારીઓ મનફાવે તે રીતે વર્તી રહ્યા છેઃ પાલિકાએ ટકાઉ આરસીસી રોડને તોડી નવો સીસી રોડ બનાવવાની કામગીરી આદરતા નગરજનોમાં મોઢા તેટલી વાતો થવા લાગી છે



**મુખ્ય સમાચાર, બિજલ ભેંસજાળિયા**

**જસદણઃ** જસદણ શહેરના ઘણા વિસ્તારોમાં વર્ષોથી રસ્તાઓ ઉબડખાબડ હાલતમાં ફેરવાઈ ગયેલા જોવા મળી રહ્યા છે. છતાં જસદણ પાલિકા દ્વારા તેનું નવીનીકરણ કે સમારકામ કરવાના બદલે શહેરના નવા બસ સ્ટેશન સુધી હજી ચાલી શકે તેવા ટકાઉ આરસીસી રોડને તોડી નાંખી નવો સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરતા નગરજનોમાં પાલિકા તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. જસદણ પાલિકા દ્વારા અત્યંત તૂટી ગયેલા રોડના સમારકામ માટે આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ જસદણ શહેરના નવા બસ સ્ટેશન સુધી મજબૂત ટકાઉ આરસીસી રોડ તોડીને નવો સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરાતા પાલિકાએ જાણે કે બુદ્ધિનું પ્રદર્શન જ કર્યું હોય તેવું લાગી રહ્યું છે. એને જોતા એવું પણ લાગી રહ્યું છે કે જસદણ પાલિકા તંત્ર પ્રજાના પરસેવાના ટેક્ષના પૈસાનો મનફાવે તેમ વેડફાટ કરી રહી છે. ત્યારે અધૂરામાં પૂરું આ કામના કોન્ટ્રાક્ટર દ્વારા નીતિનિયમોને નેવે મૂકી રોડની સાઈડનું લેવલીંગ કર્યા વગર અને હલકી ગુણવત્તાવાળું પીસીસી કામ કરી પોતાની મનમાની ચલાવાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. છતાં જસદણ પાલિકાના એન્જીનીયર સહિતના જવાબદારો સ્થળ પર ડોકાતા પણ ન હોવાથી કોન્ટ્રાક્ટરને મોકળું મેદાન મળી રહ્યું છે. ખરેખર જ્યાં પાલિકા દ્વારા નવો સીસી રોડ બનાવવામાં આવી રહ્યો છે ત્યાં અગાઉ આરસીસી રોડ હતો અને હજી તે રોડ ચાલી શકે તેવો હોવા છતાં તે ટકાઉ રોડને તોડીને નવો રોડ બનાવવામાં આવી રહ્યો છે. છતાં પાલિકાએ બિનજરૂરી નવો રોડ બનાવવાનું કામ આદરતા નગરજનોમાં ભારે નારાજગી ઉઠવા પામી છે. હાલ જસદણ શહેરના બિસ્માર રસ્તાઓના કારણે નગરજનોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. ત્યારે સારી હાલતમાં હોય તેવા માર્ગને તોડીને ક્યાં કારણોસર નવેસરથી નવો રોડ બનાવવામાં આવી રહ્યો છે તેને લઈ નગરજનોમાં પાલિકા તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. જેથી નવા બની રહેલા સીસી રોડમાં પોતાના ઘરની ધોરાજી ચલાવનાર કોન્ટ્રાક્ટર અને જસદણ પાલિકાના એન્જીનીયર સહિતના જવાબદાર અધિકારીઓ સામે પ્રાદેશિક નિયામક દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી જસદણના જાગૃત નગરજનોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

**પાલિકાને ચોમાસામાં શા માટે નવા રોડ બનાવવાનું ડહાપણ સુજ્યું?.**

જસદણ પાલિકા દ્વારા તાજેતરમાં જ શહેરના શાકમાર્કેટ મેઈન રોડ, નવી નગરપાલિકા કચેરીનો રોડ, ગઢડીયા રોડથી લાતીપ્લોટને જોડતો રોડ, પોલારપર મેઈન રોડ, હુડકો સોસાયટીનો મેઈન રોડ સહિતના વિવિધ વિસ્તારોમાં નવા સીસી રોડ બનાવવામાં આવ્યા છે. પરંતુ હજી ચોમાસાનો સારો વરસાદ પણ નથી પડ્યો તે પહેલા ઉપરોક્ત તમામ રોડમાં સિમેન્ટ ગાયબ થઈ જતા અને અને રોડમાં કાંકરીઓ દેખાવા લાગતા કોન્ટ્રાક્ટરની બેદરકારી ઉડીને આંખે વળગી રહી છે. છતાં જસદણ પાલિકાના એન્જીનીયર સહિતના જવાબદાર અધિકારીઓના પેટનું પાણી પણ હલતું ન હોવાથી કોન્ટ્રાક્ટરો માલામાલ બની રહ્યા છે. જેથી પાલિકાના પ્રાદેશિક નિયામક દ્વારા જસદણ શહેરમાં તાજેતરમાં બનેલા તમામ નવા રોડ-રસ્તાનું સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવે અને તમામ રોડ-રસ્તાની ચકાસણી કરવામાં આવે તેવી નગરજનોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## રાજકોટ બંધના પગલે વકીલોએ ટેકો જાહેર કર્યોઃ બાર. એશો.નો ઠરાવ

### તમામ કેસો જે તે સ્ટેજ પર રાખવા ડીસ્ટ્રીકટ જજને વિનંતી કરાઈઃ ઘટનામાં મૃત્યુ પામેલ હતભાગીઓને શ્રદ્ધાંજલી પાઠવવાની ભાવનાથી કાર્યવાહીથી અલિપ્ત રહ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના બનાવમાં રાજકોટ બંધનું એલાન છે ત્યારે રાજકોટના વકીલો પણ બંધ પાડશે અને મૃતકોને શ્રદ્ધાંજલી પાઠવશે, ઉપરાંત આ બંધના કારણે તપાસ કેસ જે તે સ્ટેજે જાળવી રાખવા ડીસ્ટ્રીકટ જજને વિનંતી કરાઈ છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં તા.૨૫ મે ના રોજ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા બાળકો સહિત ૨૭ લોકોના મોત થયા હતા. આજે ૨૫ જુનના રોજ આ ઘટનાને એક મહિનો પૂર્ણ થઈ રહ્યો છે. ત્યારે રાજકોટ બાર એસો.ના સેક્રેટરી પી.સી. વ્યાસે જણાવ્યું હતું કે, હતભાગીઓની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે શ્રદ્ધાંજલી આપવાની ભાવનાથી રાજકોટ બાર એસો.ના વકીલો કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેશે અને મૃતકોને શ્રદ્ધાસુમન અર્પણ કરશે. આ અંગે બાર એસો.એ એક ઠરાવ કર્યો છે. ઠરાવમાં જણાવ્યું છે કે, અગ્નિકાંડની કરૂણ દુર્ઘટનાને એક માસ પુર્ણ થાય.

અગ્નિકાંડમાં ભોગ બનનાર તમામને શ્રદ્ધાંજલી અર્પણ કરવાના ભાગરૂપે રાજકોટ બંધનુ એલાન હોય તે સંજોગોમાં રાજકોટ શહેર તેમજ બહારગામથી આવતા પક્ષકારોને હેરાનગતી કે મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે રાજકોટ બાર એસોસીએશનના તમામ સભ્યો દ્વારા તા. ૨૫ના રોજ અરજન્ટ મેટર સિવાયની મેટરમાં પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજને તથા તમામ ન્યાયાધીશને વિનંતી કરવામાં આવે છે કે તા. ૨૫ કોઈપણ વકીલની ગેરહાજરીમાં કોઈપણ કેસમાં વોરંટ કે હકક બંધ કરવાની કાર્યવાહીને મોકુફ રાખીને તમામ લાગતા વળગતા કેસમાં પ્રોસીડીંગ્સ એ જ પ્રકારે યથાવત રાખવા રાજકોટ બાર એસોસીએશન વિનંતી કરે છે તેમ રાજકોટ બારના પ્રમુખ બકુલભાઈ રાજાણી અને સુરેશભાઈ ફળદુની યાદીમાં જણાવાયું છે.

# શાપર વેરાવળમાં કારખાનાના સ્ટોર રૂમમાં દિવાસળી ચાંપી શખ્સે આગ લગાડી : રૂ.૮ લાખનું નુકશાન

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગોંડલ હાઈવે પર આવેલા શાપરના ઢોલરા રોડ પર મંગલ આર્યન પ્રાઈવેટ લિમિટેડ નામના કારખાનાના સ્ટોર રૂમમાં પરપ્રાતિય શખ્સે દિવાસળી ચાંપી આગ લગાડી નાસી જતા રૂ.૮ લાખનું નુકશાન કર્યા ની ફરિયાદ શાપર વેરાવળ પોલીસમાં નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ રાજકોટ ધર્મજીવન મેઈન રોડ સ્વસ્તિક બિલ્ડીંગમાં રહેતા અને ઢોલરા રોડ પર મંગલ આર્યન પ્રાઈવેટ લિમિટેડ નામે કારખાનું ચલાવતા હાર્દિકભાઈ જેન્તીભાઈ ઠુંમર નામના પટેલ કારખાનેદારે શાપર વેરાવળ પોલીસમાં તેના કારખાનામાં કામ કરતો અને મૂળ વેસ્ટ બંગાળનો વતની પ્રદિપ નાગેન્ પ્રધાન વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, કોઈ કારણોસર કારખાનાના સ્ટોર રૂમમાં દિવાસળી વડે જાણી જોઈ આગ લગાડી રૂ.૮ લાખનું નુકશાન કર્યું હોવાની ફરિયાદ નોંધાવતા એએસઆઈ બી.સી.સોલંકીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# માલવીયાનગર વિસ્તારની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજરનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા પરિવારની ૧૭ વર્ષીય દીકરી ચિઠ્ઠી લખીને જતી રહેતા અપહરણની ફરિયાદ નોંધાઈ હતી જેમાં માલવિયાનગર પોલીસે આરોપીને દબોચી લઈ સગીરાને મૂક્ત કરવી પુછતાછ કરતા તેણી સાથે દુષ્કર્મ થયાનું ખૂલતા આરોપી સામે ૩૭૬ની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે.

રાજકોટમાં રહેતી ૧૭ વર્ષીય દીકરી સોરરી મમ્મી-પપા હું જાવ છું ગુડ બાય તેવી ચિઠ્ઠી લખી ઘરેથી જતી રહી હોય પરિવારજનોએ શોધખોળ કરી હતી છતાં કોઈ પતો નહિ લાગતા અપહરણ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી

દરમિયાન માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ એમ ડી ગઢવી અને ટીમે સીસીટીવી આધારે શોધખોળ કરતા માધાપર ચોકડી પાસેથી દ્વારકા તરફ જતા હોવાનું જાણવા મળતા તુરંત ટીમ દોડાવી હતી અને અપહરણ કરનાર આંબેડકરનગરના સાહિલ જીતેન્દ્રભાઈ સિંધવને દબોચી લઇ સગીરાને મૂક્ત કરાવી પરિવારને સોપી હતી પોલીસની પ્રાથમિક તપાસમાં તેણી સાથે સાહિલએ દુષ્કર્મ આચર્યું હોવાની કબૂલાત આપતા પોલીસે આરોપી વિરુદ્ધ અપહરણના ગુનામાં કલમ ૩૭૬નો ઉમેરો કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કુબલીયાપરામાં દેશી દારૂના હાટડા પર વહેલી સવારે થોરાળા પોલીસ ત્રાટકી

## અનેક સ્થળોએ દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમતી પકડાઈઃ પોલીસે જેસીબીથી માલ સામાન ટ્રેક્ટરમાં ભરવો પડયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે જાહેરમાં દેશી દારૂનું બાર ચાલતુ હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા બાદ આજે વહેલી સવારે થોરાળા પોલીસે વિસ્તારમાં ચાલતા દેશી દારૂના હાટડા પર દરોડા પાડયા હતા.

થોરાળા પોલીસ મથકના પીઆઈ જી.એન.વાઘેલા, પીએસઆઈ જે.એમ.પરમાર, પીએસઆઈ મોહનભાઈ મહેશ્વરી તથા અન્ય સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી વહેલી સવારે કુબલીયાપરામાં ધમધમી રહેલી દેશી દારૂઓની ભઠ્ઠીઓ પર દરોડો પાડતા દેરી દારૂનું વેંચાણ કરતા બુટલેગરોમાં નાસ ભાગ મચી ગઈ હતી. પોલીસે ચાલુ ભઠીઓમાં આથાના ટીપણા ઢોળી નાખી દારૂના જથ્થાનો નાસ કરવામાં આવ્યો હતો. પોલીસે દેશી દારૂ બનાવવામાં વપરાતા સાધનો જેવા કે, ટીપણા, તપેલા, ગેસના ચુલા-બાટલા, સહિતનો સામાન ભરવા માટે જેસીબી બોલાવી ટ્રેક્ટરમાં સામાન ભરવામાં આવ્યો હતો.





# સાંસદ રાજેશ ચુડાસમાની ધમકી બાદ ભાજપ અગ્રણી પોલીસના શરણેઃ જાનનું જોખમ હોવાની ફરિયાદ

## મે ચૂંટણીમાં તેનો વિરોધ કરેલો- હવે 'કોઈને મૂકવાનો નથી' એવું કહેતા ભયઃ ખુલ્લી ધમકી આપનાર સાંસદ ચૂડાસમાને તબીબ આપઘાત કેસમાં પણ તેની સામે કાંઈ થયું ના હોય મારા ઉપર હૂમલો થવાની ભીતિ



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનગઢ-ગીર સોમનાથના ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાએ ચૂંટણી પરિણામ બાદ પ્રાંચી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જાહેર મંચ પરથી વિરોધીઓને ખુલ્લેઆમ ચેતવણી આપતા કહ્યુ હતુ કે ભાજપ હિસાબ કરે કે ના કરે, પણ હુ આ પાંચ વર્ષમાં મને જે નડયા છે તેને મુકવાનો નથી. તેમના આ નિવેદન બાદ ભાજપના જિલ્લા કારોબારી સભ્ય રાકેશભાઈ ધીરજલાલ દેવાણીએ પોતાના પર કે પરિવાર ઉપર હુમલાની દહેશત વ્યકત કરી જિલ્લા પોલીસ વડાને સાંસદ વિરૂધ્ધ લેખિત ફરિયાદ કરી છે અને આવો કોઈ બનાવ બનશે તો તેની જવાબદારી સાંસદની રહેશે તેમ ફરિયાદમાં જણાવ્યુ છે.

ગિર સોમનાથ જિલ્લા ભાજપ કારોબારી સભ્ય અને બિલ્ડિંગ કોન્ટ્રાકટને લગતું કામકાજ કરતા રાકેશભાઈ દેવાણીએ જિલ્લા પોલીસ વડાને સાંસદ વિરૂધ્ધ લેખિત ફરિયાદ કરી છે જેમાં તેમણે જણાવ્યુ છે કે આજથી આશરે એકાદ વર્ષ પહેલા વેરાવળના ડો. અતુલ ચગે આત્મહત્યા કરી હતી અને આત્મહત્યા કરતા પહેલા એક સ્યૂસાઈડ નોટમાં રાજેશભાઈ ચુડાસમા અને નારણભાઈના નામનો ઉલ્લેખ કર્યો હતો. તે અંગે મે ઈન્ટરવ્યુ આપ્યા હતા. જેમા કહ્યુ હતુ કે ડો. ચગ સાહેબની આત્મહત્યામાં જે કોઈપણ ગુન્હેગાર હોય અને ગમે તેવા ચમરબંધી હોય તેને છોડવા નહી તેવી અપીલ પોલીસતંત્ર તથા ગૃહખાતાને કરી હતી. ત્યારબાદ આ બનાવમાં હાલના સાંસદ - રાજેશભાઈ ચુડાસમા તથા તેઓના પિતા-નારણભાઈ ચુડાસમા વિરૂધ્ધ ત્રણ માસ બાદ ગુન્હો નોંધાયો હતો. આ અંગે હાઈકોર્ટ સુધીની કાર્યવાહીઓ થઈ હતી. ડો. અતુલ ચગની આત્મહત્યા પાછળ હાલના સાંસદનુ નામ હોય અને સાંસદની ચુંટણીમા ટીકીટોની ફાળવણી વખતે અમોએ સોશિયલ મીડીયાના માધ્યમથી રાજેશભાઈ ચુડાસમાને ટીકીટ ન મળે તે માટે વિરોધ નોંધાવ્યો હતો તેમ છતા આ રાજેશભાઈ ચુડાસમાને ભા.જ.પ.ના ઉમેદવાર તરીકે ટીકીટની ફાળવણી થઈ હતી. જેથી અમોએ રાજેશભાઈ ચુડાસમાને મત ન આપવા માટે જાહેરમાં અઢારેય વરણના લોકોને આ બાબતે અપીલ કરી હતી અને તે રીતે અમે રાજેશભાઈ ચુડાસમા વિરૂધ્ધ સંસદની ચુંટણીમાં કામગીરી કરી હતી. ત્યારે પ્રાંચી મુકામે સાંસદે કરેલા નિવેદનથી તેમના વિરૂધ્ધ કામગીરી કરી હોય જેથી તેમનાથી ડર લાગી રહયો છે અને આવા નિવેદનથી અમોને એવી દહેશત છે કે, રાજેશભાઈ ચુડાસમા તેના મળતીયાઓ દ્વારા કોઈપણ પ્રકારે તેમના ઉપર હુમલો કરે તેવી દહેશત હોય અને પરીવારને પણ આ બાબતે રાગદ્વેષ રાખી મુશ્કેલીમાં મુકે તેવી પરિસ્થિતિનુ નિર્માણ થાય તેવી દહેશત છે. જેથી



રાજેશભાઈ ચુડાસમા વિરૂધ્ધ લેખિત ફરીયાદ કરી છે અને જો આવો કોઈ બનાવ બનશે તો તેના જવાબદાર તરીકે રાજેશભાઈ ચુડાસમા રહેશે તેમ જણાવ્યું છે.આ ફરિયાદની નકલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી, અમીતભાઈ શાહ,મુખ્યમંત્રી, ગૃહમંત્રી, ગુજરાત રાજયના પોલીસ વડા, આઈ.જી, જુનાગઢ દક્ષિણ રેન્જ, .જિલ્લા કલેકટરને મોકલી છે.

# ગોંડલના બેટાવડ ગામે ૭૮ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ તાલુકાના બેટાવડ ગામે તાલુકા પોલીસે દરોડો પાડી બુટલેગરને ૭૮ બોટલ દારૂ સાથે દબોચી લઈ રૂ.૩૧૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ આર.જે.જાડેજા, પીએસઆઈ આર.આર.સોલંકી, હેડ કોન્સ્ટેબલ રૂપકભાઈ, કોન્સ્ટેબલ રણજીતભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે બેટાવડ ગામે રહેતો મેહુલ દિનેશ લાલકિયા નામના બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૭૮ બોટલ કિંમત રૂ.૩૧૨૦૦નો મુદ્દામાલ કબજે કરી બુટલેગર મેહુલ લાલકીયાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.




# આટકોટ ગામે વર્ણીરાજ હોટલમાં બાળકો પાસે મજૂરી કરાવતા સંચાલક સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા આટકોટ ગોંડલ હાઈવે પર આવેલ વર્ણીરાજ હોટલમાં દરોડો પાડતા બાળકો પાસે ગેરકાયદેસર રીતે કામે રાખી પોતાના લાભ માટે બાળમજૂરી કરાવી બાળકોનું શોષણ થતું હોવાની હકીકતના આધારે દરોડો પાડતા બાળમજૂરો મળી આવતા પોલીસે મૂળ જૂનાગઢના ચોરવાડનો વતની અને આટકોટ ગોંડલ ચોકડી પાસે વર્ણીરાજ હોટલનું સંચાલન કરતો મૌલીક મુકેશ વેકરિયા વિરુધ્ધ ગુનો નોંધી બાળમજૂરોની મુક્ત કરાયા હતા.

# જિલ્લા કલેકટર કચેરી, પ્રાંત, કચેરી અને મામલતદાર કચેરીમાં આવતા જતા લોકોની નોંધણી ફરજિયાત

## મુખ્ય સચિવની મુલાકાત દરમ્યાન દલાલના ફોટા બતાવી આ કોણ છે તેમ પુછતા તંત્રવાહકો કામે લાગ્યાઃ કલેકટર કચેરી ખાતે આવતા વગદાર અને રાજકીય લોકોને માઠુ લાગ્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીલ્લા કલેકટર કચેરી સહિત જીલ્લાની તમામ પ્રાંત-ડે. કલેકટર, અને મામલતદાર કચેરીઓમાં પ્રવેશતા લોકોની નોંધણી ફરજીયાત કરી દેવામાં આવી છે. જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા કલેકટર તંત્ર હેઠળની કચેરીઓમાં મુલાકાતીઓનું રજીસ્ટર નિભાવવાનો આદેશ કરાતા આ કચેરીઓના પ્રવેશદ્વાર પર સિક્યુરીટી દ્વારા આજથી લોકોની નોંધણી કરવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. જેમાં મુલાકાતીઓના નામ, સરનામા, સમય અને મુલાકાતનો હેતુ રજીસ્ટરમાં લખવામાં આવી રહ્યો છે.


અહીં એ ઉલ્લેખનીય છે કે, જાણવા મળ્યા મુજબ બે દિવસ પહેલા રાજયના મહેસુલ સચિવ દ્વારા યોજાયેલ કલેકટર કોન્ફરન્સમાં ૩૩ જીલ્લાઓના કલેકટરને મુખ્ય સચિવ મુકેશ દાસે એક કોન્ફરન્સમાં દલાલનો ફોટો દર્શાવીને જણાવેલ કે આ કોણ છે? જે બાદ તંત્રને એલર્ટ કરી દેવામાં આવેલ છે. રાજકોટની કલેકટર કચેરી સહિત તેની હેઠળ આવતી તમામ ડે.કલેકટર, પ્રાંત અને તાલુકા મામલતદાર કચેરીઓમાં મુલાકાતીઓની નોંધણી રજીસ્ટરમાં ફરજીયાત કરાતા આજથી આ કામગીરી શરૂ થવા પામી છે.

આ નવા નિયમના પગલે કલેકટર કચેરી ખાતે વગદાર લોકો અને રાજકીય વ્યકિતઓને નોંધણી કરાવવાનું કહેવાતા તેઓને માઠું લાગવાના કિસ્સા બન્યા હતા.




# ગોંડલમાં રમતા રમતા રેતીના ઢગલામાં દટાઈ જતાં માસુમ બાળકનું મોત

## મોવીયા રોડ પર સિમેન્ટ પ્રોક્ડટસનું કારખાનું ચલાવતા વેપારીના પુત્રનું પોતાના જ કારખાનામાં મોત નિપજતા અરેરાટી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પાપળા ના કારખાનામાં રેતી નો ઢગલો માથે પડતા દટાઈ જતા ગૂંગળામણ થી બાળકનું મોત નીપજ્યું હતું. મૃતક બાળક ના મૃતદેહ ને પી.એમ.અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ગોંડલમાં રેતી ચોક થી મોવિયા રોડ તરફ જવાના રોડ પર સજન સિમેન્ટ નામે કારખાનુ ચલાવતા રઝાકભાઈ સુલેમાનભાઈ પતાણી નો ૧૦ વર્ષ ને પુત્ર મહંમદ કારખાના માં રેતી ના ઢગલામાં રમતો હતો તે દરમિયાન અચાનક રેતીનો ઢગલો અકસ્માતે માથે પડતા બાળક રેતીના ઢગલામાં દબાઈ જતા ફસાયો હતો

પરિવારજનો ને જાણ થતાં બાળકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં હાજર રહેલ ડોક્ટરે મૃત હોવાનું પરિવારજનો ને જણાવ્યું હતું. સમગ્ર બનાવને લઈને પોલીસ ઘટના સ્થળે પોહચી તપાસ હાથ ધરી હતી. બનાવ નાં પગલે મોટી સંખ્યામાં સુમરા સમાજ ના આગેવાનો તેમજ સગા સંબંધીઓ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા.

રઝાકભાઈ ને ત્રણ સંતાનો જેમાં બે દીકરા અને એક દીકરી છે. સૌથી નાના બાળક મહંમદ નું આકસ્મિક મોત નિપજતાં પરિવારમાં શોક છવાયો હતો.

# કેશોદના બામણાસા ગામે વ્યાજખોર દંપતિ અને બે પુત્રોએ યુવાનને ઢોર માર મારી પતાવી દીધો

## ખેડૂતે રૂા.૫ લાખ વ્યાજે લઈ જમીનનું લખાણ કરી આપ્યુ હોય જેથી દસ્તાવેજ કરાવવા યુવાનનું ઢીમ ઢાળી દીધું





**મુખ્ય સમાચાર, કેશોદ**

કેશોદના બામણાસા ગામે વ્યાજખોરીમાં સંકજામાં ફસાયેલા પરિવારે પોતાનો વ્હાલસોયો દિકરો ગુમાવવો પડયો છે. કેશોદના પીપલીયાનગર માંગરોળ રોડ પર રહેતાં હાજાભાઈ વાઢીયા એ પોતાના મુળ ગામ બામણાસા ખાતે આવેલી ચૌદ વિઘા ખેતીની જમીન નું લખાણ કરી હરદાસભાઈ પીઠાભાઈ નંદાણીયા રહેવાસી બામણાસા પાસેથી પાંચ લાખ રૂપિયા ઉછીના લીધાં હતાં અને હાજાભાઈ વાઢીયા અને પુત્ર નિલેશભાઈ વાઢીયા વ્યાજ ચુકવવા છતાં જમીનનું દસ્તાવેજ કરી આપવા દબાણ કરતાં હતાં. વ્યાજખોરી નાં ચક્રવ્યૂહમાં ફસાઈ ગયેલ વાઢીયા પરિવાર પૈસાની લેતીદેતીમાં ખેલાયેલા ખૂની ખેલમાં વ્હાલસોયો દિકરો ગુમાવવો પડ્યો છે. કેશોદ પોલીસ સમક્ષ નયનાબેન નીલેશભાઈ વાઢીયા ઉંમર વર્ષ ૩૦, રહેવાસી પીપલીયાનગર, માંગરોળ રોડ કેશોદ વાળાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ સવારે કેશોદ થી મોટરસાયકલ પર હાજાભાઈ વાઢીયા, નીલેશભાઈ વાઢીયા, હીરીબેન હાજાભાઈ વાઢીયા અને નયનાબેન નીલેશભાઈ વાઢીયા બામણાસા પોતાના ખેતરમાં ખેતીકામ કરીને બપોરે નયનાબેન પોતાના પતિ નીલેશભાઈ અને દોઢ વર્ષની દિકરી સાથે મોટરસાયકલ પર બાજુમાં આવેલ કતકપરા ગામે કાકાનાં ઘરે આંટો મારવાં જતાં રસ્તામાં મહેશભાઈ હરદાસભાઈ નંદાણીયા અને દિનેશભાઈ હરદાસભાઈ નંદાણીયા બુલેટ મોટરસાયકલ પર આવી રોકીને પૈસા કેમ આપતો નથી કહીને લોખંડના પાઈપ વડે આડેધડ માર મારતાં નયનાબેન નીલેશભાઈ વાઢીયા વચ્ચે પડતાં તેઓને પણ પગમાં પાઈપ મારી ઈજાગ્રસ્ત કર્યા હતાં. બંન્ને ભાઈઓ એ વાતચીત કરવા પોતાનાં ઘરે દબાણ હેઠળ લઈ જતાં ત્યાં હરદાસભાઈ પીઠાભાઈ નંદાણીયા, મહેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, દિનેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, જાનીબેન હરદાસભાઈ નંદાણીયા રહેવાસી તમામ બામણાસા તાલુકો કેશોદ હાજર હોય એકસંપ કરી કોદાળી દાતરડું લોખંડના પાઈપ વડે આડેધડ માર મારતાં નીલેશભાઈ બેભાન થઈ જતાં તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે કેશોદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોય જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યાં હતાં. જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યાં હતાં પરંતુ ભાનમાં ન આવતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત નીલેશભાઈ, હાજાભાઈ વાઢીયા ને ફરજ પરનાં મેડિકલ ઓફિસરે મૃત જાહેર કર્યા હતાં. કેશોદ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એસ કે મહેતા એ નયનાબેન નીલેશભાઈ વાઢીયાના નિવેદન પર હરદાસભાઈ પીઠાભાઈ નંદાણીયા, મહેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, દીનેશભાઈ હરદાસભાઈ નંદાણીયા, જાનીબેન હરદાસભાઈ નંદાણીયા રહેવાસી તમામ બામણાસા, તાલુકો કેશોદ પતિ પત્ની અને બન્ને પુત્રો વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉપલેટાના ખીરસરા ગામે ગુરૂકુળમાં યુવતી પર દુષ્કર્મના ગુનામાં ટ્રસ્ટીની ધરપકડ

## સ્વામિનારાયણ ગુરૂકુળના બે સ્વામી ભૂગર્ભમાં ઉતરી ગયાઃ શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટા થી ૨૦ કિલોમીટર દૂર આવેલા ખીરસરા ઘેટિયા ગામે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા સ્વામિનારાયણ ગુરુકુળ ચલાવવામાં આવી રહ્યો છે આ ગુરુકુળના ટ્રસ્ટી મયુર કાસોદરીયા તથા ગુરુકુળના વ્યવસ્થાપક સ્વામીધર્મનંદન દાસજી અને નારાયણસુરૂપદાસજી સ્વામી દ્વારા રાજકોટની એક મહિલાને બોલાવી તેમની સાથે ગેરકાયદેસર લગ્ન કરી વારંવાર દુષ્કર્મ આચરી ગર્ભપાત કરાવવાની ફરિયાદ આ મહિલાએ ભાયાવદર પોલીસમાં કરતા તેમની તપાસ સ્પેશિયલ બ્રાંચ ના મહિલા પીએસઆઈ રાઠોડ ચલાવી રહ્યા છે આ ગુનો નોંધાયા બાદ આ ત્રણે આરોપીઓ ભાગી છુટયા હતા.

દરમિયાન આ ત્રણ માનો એક આરોપી મયુર કાસોદરીયા ગુરૂકુળ નો ટ્રસ્ટી મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં હોવાની બાતમી મળતા એલસીબી ની ટીમ કોલાપુર પહોંચી હતી



અને તેમની ત્યાંથી ધરપકડ કરી ભાયાવદર પોલીસને સોપતા પોલીસે તેમની રિમાન્ડની માંગણી માટે કોર્ટમાં રજૂ કરતા મયુર કાસોદરીયા ને બે દિવસની રિમાન્ડ ઉપર ભાયાવદર પોલીસને અને તપાસની એજન્સી ના પી.એસ.આઈ રાઠોડ સાહેબને સોપેલો છે હજુ આ ગુનામાં બંને સ્વામીઓ ફરાર હોય તેઓને શોધવા માટે જિલ્લાની જુદી જુદી બ્રાન્ચો અને ભાયાવદર પોલીસ સતત મહેનત કરી રહી છે પણ બંને સ્વામીઓનો ક્યાંય પતો મળતો નથી દરમિયાન આ બનાવ સમગ્ર તાલુકામાં ચર્ચાનો વિષય બનતા અને અખબારોમાં અહેવાલ આવતા ગુરૂકુળમાં રહેલા વિદ્યાર્થીઓને વાલીઓ ગુરૂકુળ માંથી સર્ટી કઢાવીને લઈ જતા ગુરૂકુળ ખાલી થઈ ગયેલું છે આ વાલીઓને સર્ટી તો આપી દીધા પણ ગુરૂકુળે લીધેલી ફી હજુ સુધી પરત ન આપ્યાની ફરિયાદો પણ વાલીઓ દ્વારા ઉઠવા પામેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT